# વિરતિ-વિચારણા

'વિરતિ' એટલે 'મૂકાવું' અથવા રતિથી વિરૂદ્ધ, એટલે રતિ નહિ તે. અવિરતિમાં ત્રણ શબ્દનો એ સંબંધ છે કે-અ + વિ + રતિ. અ-નહિ + વિ-વિરૂદ્ધ + રતિ-પ્રીતિ-મોહ એટલે પ્રીતિ-મોહ વિરૂદ્ધ નહિ તે 'અવિરતિ' છે. તે અવિરતિપણું પાંચ ઇંદ્રિય, છટ્ઠું મન, પાંચ સ્થાવર જીવ અને એક ત્રસ જીવ-એમ બાર પ્રકારે છે.

એવો સિદ્ધાંત છે કે-કૃતિ વિના જીવને પાપ લાગતું નથી. તે કૃતિની જ્યાં સુધી વિરતિ કરી નથી, ત્યાં સુધી અવિરતિપણાનું પાપ લાગે છે. સમસ્ત એવા ચૌદ રાજલોકમાંથી તેની પાપક્રિયા ચાલી આવે છે.

કોઈ જીવ કાંઈ પદાર્થ યોજી મરણ પામે અને તે પદાર્થની યોજના એવા પ્રકારની હોય કે-તે યોજેલો પદાર્થ જ્યાં સુધી રહે ત્યાં સુધી તેનાથી પાપક્રિયા થયા કરે, તો ત્યાં સુધી તે જીવને અવિરતિપણાની પાપક્રિયા ચાલી આવે છે. જો કે જીવે બીજો પર્યાય ધારણ કર્યાથી અગાઉના પર્યાય સમયે જે જે પદાર્થોની યોજના કરેલી છે તેની તેને ખબર નથી, તો પણ તથા હાલના પર્યાયના સમયે તે જીવ તે યોજેલા પદાર્થની ક્રિયા નથી કરતો, તો પણ જ્યાં સુધી તેનો મોહભાવ વિરતિપણાને નથી પામ્યો, ત્યાં સુધી અવ્યક્તપણે તેની ક્રિયા ચાલી આવે છે.

હાલના પર્યાયના સમયે તેના અજાણપણાનો લાભ તેને મળી શકતો નથી. તે જીવે સમજવું જોઈતું હતું કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પદાર્થથી થતો પ્રયોગ જ્યાં સુધી કાયમ રહેશે, ત્યાં સુધી તેની પાપક્રિયા ચાલુ રહેશે. તે યોજેલા પદાર્થથી અવ્યક્તપણે પણ થતી–લાગતી ક્રિયાથી મુક્ત થવું હોય તો મોહભાવને મૂકવો. મોહ મૂકવાથી એટલે વિરતિપણું કરવાથી પાપક્રિયા બંધ થાય છે. તે વિરતિપણું તે જ પર્યાયને વિષે આદરવામાં આવે, એટલે યોજેલા પદાર્થના જ ભવને વિષે આદવામાં આવે, તો તે પાપક્રિયા જ્યારથી વિરતિપણું આદરે ત્યારથી આવતી બંધ થાય છે. અહીં જે પાપક્રિયા લાગે છે તે ચારિત્રમોહનીયના કારણથી આવે છે. તે મોહભાવના ક્ષય થવાથી આવતી બંધ થાય છે.

ક્રિયા બે પ્રકારે થાય છે. એક વ્યક્ત એટલે પ્રગટપણે અને બીજી અવ્યક્ત એટલે અપ્રગટપણે. અવ્યક્તપણે થતી ક્રિયા જો કે તમામથી જાણી નથી શકાતી, પરંતુ તેથી તે થતી નથી એમ નથી.

પાણીને વિષે લહેર અથવા હિલ્લોળ તે વ્યક્તપણે જણાય છે, પરંતુ તે પાણીમાં ગંધક અથવા કસ્તુરી નાંખી હોય અને પાણી શાંતપણામાં હોય, તો પણ તેને વિષે ગંધક અથવા કસ્તુરીની જે ક્રિયા છે તે જો કે દેખાતી નથી, તથાપિ તેમાં અવ્યક્તપણે રહેલી છે. આવી રીતે અવ્યક્તપણે થતી ક્રિયાને શ્રદ્ધવામાં ન આવે અને માત્ર વ્યક્તપણાને શ્રદ્ધવામાં આવે, તો એક જ્ઞાની જેને વિષે અવિરતિરૂપ ક્રિયા થતી નથી તે ભાવ અને બીજો ઉંઘી ગયેલો માણસ જે કાંઇ ક્રિયા વ્યક્તપણે કરતો નથી તે ભાવ સમાનપણાને પામે છે; પરંતુ વાસ્તવિક રીતે તેમ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. ઉંઘી ગયેલ માણસને અવ્યક્તપણે ક્રિયા લાગે છે. આ જ પ્રમાણે જે માણસ-જે જીવ ચારિત્રમોહનીય નામની નિદ્રામાં સુતો છે તેને અવ્યક્ત ક્રિયા લાગતી નથી એમ નથી. જો મોહભાવ ક્ષય થાય તો જ અવિરતિરૂપ ચારિત્ર-મોહનીયની ક્રિયા બંધ પડે છે. તે પહેલાં તે બંધ પડતી નથી.

ક્રિયાથી થતો બંધ મૂખ્ય એવા પાંચ પ્રકારે છે. (૧) મિથ્યાત્વ પાંચ, (૨) અવિરતિ બાર, (૩) કષાય પચીશ, (૪) પ્રમાદ, અને (૫) યોગ પંદર. આ વિષય કર્મગ્રંથાદિકમાંથી સમજવા યોગ્ય છે.

જ્યાં સુધી મિથ્યાત્વની હાજરી હોય ત્યાં સુધી અવિરતિપણું નિર્મૂળ થતું નથી એટલે જતું નથી, પરંતુ જો મિથ્યાત્વપણું ખસે તો અવિરતિપણાને જવું જ જોઇએ એ નિઃસંદેહ છે: કારણ કે-મિથ્યાત્વસહિત વિરતિપણું આદરવાથી મોહભાવ જતો નથી. જ્યાં સુધી મોહભાવ કાયમ છે ત્યાં સુધી અભ્યંતર વિરતિપણું થતું નથી અને મૂખ્યપણે રહેલો એવો જે મોહભાવ તે નાશ પામવાથી અભ્યંતર અવિરતિપણું રહેતું નથી: અને જો બાહ્ય અવિરતિપણું આદરવામાં ન આવ્યું હોય તો પણ અભ્યંતર છે તો સહેજે બહાર આવે છે.

અભ્યંતર વિરતિપણું પ્રાપ્ત થયા પછી અને ઉદય આધીન બાહ્યથી વિરતિપણું ન આદરી શકે તો પણ, જ્યારે ઉદયકાળ સંપૂર્ણ થઈ રહે ત્યારે સહેજે વિરતિપણું રહે છે; કારણ કે-અભ્યંતર વિરતિપણું પહેલેથી પ્રાપ્ત થયેલું છે; જેથી હવે અવિરતિપણું છે નહિ કે તે અવિરતિપણાથી ક્રિયા કરી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહભાવવડે કરીને જ મિથ્યાત્વ છે. મોહભાવનો ક્ષય થવાથી મિથ્યાત્વનો પ્રતિપક્ષ જે સમ્યક્ત્વભાવ તે પ્રગટે છે. માટે ત્યાં આગળ મોહભાવ કેમ હોય ? અર્થાત્ હોતો નથી.

જો એવી આશંકા કરવામાં આવે કે-પાંચ ઈંદ્રિય, છઠ્ઠું મન, પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય-એમ બાર પ્રકારે વિરતિ આદરવામાં આવે, તો લોકમાં રહેલા જીવ અને અજીવ રાશિ નામના બે સમૂહ છે; તેમાંથી પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય મળી જીવરાશિની વિરતિ થઈ: પરંતુ લોકમાં રખડાવનાર એટલે અજીવરાશિ જે જીવથી પર છે તે પ્રત્યે પ્રીતિ તેનું નિવૃતિપણું આમાં આવતું નથી, ત્યાં સુધી વિરતિ શી રીતિએ ગણી શકાય ? તેનું સમાધાન-પાંચ ઈંદ્રિય અને છઠ્ઠા મનથી જે વિરતિ કરવી છે તેનું જે વિરતિપણું છે, તેમાં અજીવરાશિની વિરતિ આવી જાય છે. આ રીતે જે જીવ મોહભાવનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ કરે છે તેટલા પ્રમાણમાં તે વિરતિને પામવા યોગ્ય બને છે.

## કર્મસત્તા અને આત્મસત્તા

કર્મના અચળ નિયમની અમોઘતા જોઈને ઘણાઓ ડરી જાય છે, પણ તેમાં તેવું ડરવા જેવું કાંઈ નથી. જેમ કર્મની સત્તા બળવાન છે, તેમ આત્માની સત્તા તેના કરતાં અનંતગુણી બળવાન છે. યોગ્ય સાધનો એકઠા કરી પુરુષાર્થ કરતાં આત્માની સત્તા આગળ કર્મો ધ્રુજી ઉઠે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org